**મહે. સાયલાના પ્રિન્સિપાલ સીવીલ જજ અને જયુડી.મેજી.ફ.ક.સાહેબની કોર્ટમાં,**
**મું.સાયલા,જી.સુરેન્દ્રનગર.**

**<u>ફો.કેસ નં.૪૭૧/૨૦૨૨.</u>**
**<u>આંક–</u>**

ફરીયાદી– નામ.સરકાર.
**–વિરૂધ્ધ–**
આરોપી– મનુભાઇ જેરામભાઇ માથાસુરીયા.
રહે – સાયલા, તા. સાયલા, જી. સુરેન્દ્રનગર

## <u>ચુકાદો</u>

આ કામે હાલનાં આરોપી સામે પ્રોહી. કલમ ૬૬ (૧) (બી), ૮૫ મુજબનાં ગુનાનું ચાર્જશીટ આ કોર્ટ સમક્ષ દાખલ થયેલું છે.

આરોપી કોર્ટ રૂબરૂ ચાર્જશીટ સાથે હાજર થતાં તેઓને પોલીસ પેપર્સની નકલો આપ્યા બાદ આરોપીની પ્લી ગુના સબ્બ નોંધતા આરોપીએ પોતાની સામેના ગુનાનો સ્વૈચ્છીક એકરાર કરેલ છે, તથા કબુલાત પુરસીસ અલગથી આપેલ છે.

ઉપરોકત હકીકત ઘ્યાને લેતા આરોપીએ ગુનો કબુલ કરેલ હોઈ અને તેઓ કુટુંબ કબીલા વાળા માણસ હોઈ તથા ગરીબ વર્ગના માણસ હોઈ તેઓની સામે નો આક્ષેપ એમાં આ ગંભીર પ્રકારનો ગુનો ન હોઈ જેથી આરોપીને ઓછી સજા કરવામાં આવે તો તે ન્યાયી અને વાજબી જણાય છે. તેથી નીચે મુજબનો આખરી હુકમ કરુ છું.

## <u>હુકમ</u>

ક્રિ.પ્રો.કોડ ૨૫૨ મુજબ આરોપીને પ્રોહી. કલમ ૬૬ (૧) (બી), ૮૫ મુજબ દોષી ઠરાવી આરોપીને રૂ. ૫૦૦/– (અંકે પાંચ સો પુરા) નો દંડની સજાફરમાવું છું. જો આરોપી દંડ ન ભરે તો આરોપીને દિન–૩ ની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે.

હુકમ આજરોજ તા. ૧૨ મી નવેમ્બર સને–૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૨/૧૧/૨૦૨૨
સાયલા

(હરપ્રીત સીંધ)
પ્રિન્સીપાલ સિવિલ જજ અને
જયુડિ.મેજી.ફ.ક.સાયલા
(UI Code : GJ.01427)